# એકતા

## શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ

### શ્રી મુક્તાનંદ આશ્રમમાં થયેલા આનંદમય જન્મદિવસ ૨૦૧૭ના સત્સંગોમાંથી

શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૧

લીલાવતી સ્ટુઅર્ટ સટ્‌ક્લિફ

૧૯૮૦ના દાયકામાં જ્યારે હું લગભગ વીસ વર્ષની હતી, હું ગુરુદેવ સિદ્ધપીઠ ગઈ હતી. ત્યાં પહોંચ્યા પછી થોડા જ સમયમાં, મને ગુરુચોકમાં શ્રીગુરુમાઈનાં દર્શન થયાં. તેમણે ખૂબ જ પ્રેમથી મારું સ્વાગત કર્યું! ગુરુમાઈજીએ મને કહ્યું કે મારી સેવાયાત્રા દરમ્યાન, આંતરિક કાર્યને માટે હું સમય આપું, મારી સાધના પર કેન્દ્રણ કરું અને અંતરમાં દૃષ્ટિ કરું એ મારા માટે લાભદાયી રહેશે.

આ કેન્દ્રણને મારા બોધમાં રાખવા માટે હું ઉત્સુક હતી! હું મનમાં ને મનમાં જ વિચારી રહી હતી કે તેને કેવી રીતે કરીશ. મેં વિચાર્યું કે હું બહુ ધ્યાન કરીશ! આ રીતે મારું અંતરજગત આપોઆપ મારી સમક્ષ પ્રગટ થશે.

મારી સેવા અમૃતમાં સંપર્ક અધિકારીની હતી. એ સમયે, અમૃતમાં દરરોજ લગભગ ત્રણસો લોકો આવતાં. મારા આશ્રમનિવાસ દરમ્યાન અમૃત પૅવિલ્યનના નવીનીકરણનો પ્રોજેક્ટ ચાલી રહ્યો હતો, જેમાં મોટી દિવાલોને તોડવાની હતી, જેથી જમવા બેસવાની જગ્યાનો વિસ્તાર કરી શકાય. મારી સેવા, અમૃતનું કાર્ય સરળતાથી ચાલતું રહે તે માટે નવીનીકરણના પ્રોજેક્ટ મેનેજર સાથે મળીને કામ કરવાની હતી. દાખલા તરીકે, કેટલીકવાર અમારે લોકોને બેસવા માટે અને જમવા માટે જગ્યા મળી રહે તે માટે બગીચામાં કામચલાઉ બેસવાની વ્યવસ્થા કરવી પડતી. ઘણીવાર આ બધું સરળતાથી ચાલતું રાખવાનું મને મુશ્કેલ લાગતું.

જ્યારે યોજના મુજબ કાર્ય થતું નહીં ત્યારે મને ઇચ્છા થતી કે હું બસ અમૃત છોડીને ગુરુમાઈજીએ મને જે આંતરિક કાર્ય કરવાનું માર્ગદર્શન આપ્યું હતું તે કરવા માટે ધ્યાનગુફામાં જતી રહું. જોકે હું જાણતી હતી કે મારા માટે એ મહત્ત્વનું હતું કે હું સેવા અર્પિત કરતી રહું અને સૌથી મહત્ત્વનું એ હતું કે ગુરુમાઈજીનાં માર્ગદર્શનનું પાલન કરું. તેથી મેં વિચાર્યું, ‘જો હું ધ્યાનગુફામાં ન જઈ શકું, તો હું સેવા અર્પિત કરતાં-કરતાં જ આંતરિક કાર્ય કરવાનો કોઈ ઉપાય શોધી કાઢીશ!’

મેં નક્કી કર્યું કે લોકો સાથે અને મારા કાર્ય સાથે જોડાતા પહેલાં હું મારા હૃદયસ્થાન સાથે જોડાઈશ. અને મેં જોયું કે જેટલું વધારે હું મારાં કાર્યને મારા હૃદય સાથે જોડતી, તેટલું જ વધારે કાર્ય હું કરી શકતી હતી. જે સમસ્યાઓ મને

દુર્ગમ લાગતી હતી તેનું નિરાકરણ કરવું વાસ્તવમાં સહેલું હતું! મેં જાણી લીધું કે અંતરમાં પ્રશાંતિનો અનુભવ કરવા માટે મારે ધ્યાનગુફામાં જવાની જરૂર નથી. સક્રિય રહીને પણ સ્થિર થવામાં કેટલું સારું લાગી રહ્યું હતું.

મારા સેવાકાળના અંતિમ દિવસોમાં એક દિવસ, મેં ગુરુમાઈજીને સુંદર બગીચામાં ચાલતાં જોયાં. ગુરુમાઈજીએ મને તેમની સાથે ચાલવા માટે આમંત્રણ આપ્યું અને આશ્રમમાં મારો સમય કેવો રહ્યો તેના વિશે પૂછ્યું. ગુરુમાઈજીએ પૂછ્યું, ‘‘તેં શું કર્યું?’’ મેં સંપર્ક અધિકારીની મારી સેવા વિશે કહેવાનું શરૂ કર્યું. ગુરુમાઈજીએ મને ફરીથી પૂછ્યું, ‘‘તેં શું કર્યું?’’ શું કહેવું તે મને સમજાયું નહીં તેથી હું ચૂપ રહી. ગુરુમાઈજીએ સ્મિત કરીને કહ્યું, ‘‘તેં દીવાલો તોડી નાંખી!’’

પછી ગુરુમાઈજીએ મને ફરીથી પૂછ્યું, ‘‘તેં શું કર્યું?’’ મેં કહ્યું, ‘‘મેં દીવાલો તોડી નાંખી.’’ જે ક્ષણે મેં સ્વયંને આ ચાર શબ્દો બોલતા સાંભળી, મને સમજાયું કે હું અમૃતની દીવાલો વિશે નહોતી કહી રહી.

ગુરુમાઈજીએ મને શીખવ્યું કે મારા હૃદય અને મારાં કાર્યો વચ્ચે કોઈ અવરોધ નથી. ગુરુમાઈજીનાં માર્ગદર્શનનું પાલન કરીને, હું શીખી છું કે સેવા અર્પિત કરતા રહીને હું મારા હૃદય સાથે કેવી રીતે જોડાઈ શકું. મેં જાણી લીધું કે મારા અંતરનું સ્થાન મારી બહારના સ્થાનમાં પ્રવાહિત થઈ શકે છે અને મને માર્ગદર્શન આપતું રહે છે કે હું ખૂબ જ સહજતાથી એ પ્રાપ્ત કરી લઉં, જે પ્રાપ્ત કરવાનો મારો ઉદ્દેશ હતો.

ધન્યવાદ, ગુરુમાઈજી.

શ્રીગુરુમાઈ સાથે પ્રસંગ : ૨

શરણી બર્ન્ઝ

વર્ષ ૨૦૦૨માં એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનમાં સ્ટાફ મેમ્બર રૂપે સેવા અર્પિત કરવા માટે હું મારા ઘર, પર્થ, ઑસ્ટ્રેલિયાથી શ્રી મુક્તાનંદ આશ્રમમાં ગઈ હતી.

કેટલાંક વર્ષ ત્યાં સેવા આપ્યા પછી, એક દિવસ મને ઘરની ઘણી યાદ આવી રહી હતી. અમેરિકામાં એ દિવસે જાહેર રજા હતી અને આશ્રમનાં ઘણાં સેવાકર્તાઓ તેમના પરિવારને મળવા ગયાં હતાં.

મને નિત્યાનંદ સરોવર પર ફરવા જવાની તીવ્ર ઇચ્છા થઈ. ત્યાં ચાલી રહી હતી ત્યારે હું એ જોઈને અત્યંત ખુશ થઈ કે ગુરુમાઈજી મારી તરફ જ આવી રહ્યાં હતાં. તેઓ એક મહિલા સાથે ચાલી રહ્યાં હતાં જેને મેં પહેલાં જોઈ તો હતી પણ ઓળખતી નહોતી. મેં ઘણી પ્રસન્નતાથી ગુરુમાઈજીનું અભિવાદન કર્યું અને ચાલતી રહી.

ગુરુમાઈજી ઊભા રહી ગયાં અને તેમણે મારું નામ લઈને મને બોલાવી. તેમણે પૂછ્યું કે શું હું એ મહિલાને મળી છું જેની સાથે તેઓ ચાલી રહ્યાં હતાં. મેં કહ્યું, ‘‘ના ગુરુમાઈજી. હું નથી મળી.’’ ગુરુમાઈજીએ કહ્યું કે અમે બંને ઑસ્ટ્રેલિયાના છીએ એટલે તેમને લાગે છે કે અમારા બંને વચ્ચે ઘણી સમાનતા હશે. પછી તેમણે મને તેમની સાથે સરોવરની ફરતે ચાલવા માટે કહ્યું.

ચાલતાં-ચાલતાં વાતો કરતાં એ સ્ત્રીએ અને મેં અમારાં જીવન વિશે ઘણી વાત કરી અને અમે જોયું કે સાચે જ અમારી વચ્ચે ઘણી સમાનતા હતી. મને લાગ્યું કે ઘરની મારી યાદનું દુઃખ દૂર થઈ રહ્યું હતું.

ગુરુમાઈજીએ કહ્યું કે તેમણે જોયું છે કે મૅક્સિકોના સ્ટાફ-મેમ્બર અને વિઝિટીંગ સેવાકર્તાઓ બહુ સારી રીતે હળેમળે છે, પણ ઑસ્ટ્રેલિયાના સેવાકર્તાઓ સાથે એવું નથી. અમે બધાં હસી પડયાં, કારણકે આ એકદમ સાચી વાત હતી! લગભગ દરરોજ હું જોતી કે મૅક્સિકોના સેવાકર્તાઓ અમૃતમાં લાંબા ટેબલ ફરતે બેસીને, ખૂબ જ પ્રફુલ્લતા અને ઉલ્લાસ સાથે એકબીજાં સાથે હસતાં અને વાતો કરતાં રહેતાં હતાં.

એક-બે દિવસ પછી, ગુરુમાઈજીનાં કહેવાથી આશ્રમનાં બધાં ઑસ્ટ્રેલિયન સેવાકર્તાઓ માટે એક પ્રસાદ-સમારોહનું આયોજન કરવામાં આવ્યું. ત્યાં બધું જ ઑસ્ટ્રેલિયાનું હતું! ઑસ્ટ્રેલિયાની ચૉકલેટો, બિસ્કીટો, મીઠાઈઓ, કેક અને ઑસ્ટ્રેલિયાની ચા. અમારાંમાંથી એવાં ઘણાં લોકો હતાં જેઓ એકબીજાંને પહેલાં મળ્યાં નહોતાં અથવા તો એકબીજાંને ઓળખવા માટે અમે સમય કાઢ્યો નહોતો. અત્યારે એવું કરવાથી મારું હૃદય ગદ્‌ગદ્ થઈ ગયું. અમે અમારી સાધનાના અનુભવો તેમજ ઑસ્ટ્રેલિયામાં આવેલી અમારી મનપસંદ જગ્યાઓ અને પ્રવૃત્તિઓ વિશે વાતો કરી. જ્યારે અમારામાંથી કોઈ ઑસ્ટ્રેલિયાની કોઈ અનોખી વાત કહેતું તો અમે બધાં ઉત્સાહથી તેની વાતને સમર્થન આપતાં. અને અમે હસ્યાં — બહુ હસ્યાં.

મને યાદ છે કે મારી ચારેબાજુ ઑસ્ટ્રેલિયાના મારાં સાથી-સેવાકર્તાઓ જોઈને હું બહુ જ સહજતા, નિખાલસતા અને ખુશીનો અનુભવ કરી રહી હતી. ગુરુમાઈજીએ અમને એકસાથે ભેગાં કર્યાં એ પહેલાં મને ખબર નહોતી કે હું એ બધાં લોકો સાથે જોડાઈ શકીશ. હું કૃતજ્ઞતાથી ઓતપ્રોત થઈ ગઈ હતી.

સમારોહના થોડા દિવસ પછી, મને ફરીથી શ્રીગુરુમાઈનાં દર્શન કરવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. ગુરુમાઈજીએ મને કહ્યું કે તેમને આશા હતી કે મારા ઑસ્ટ્રેલિયાના સાથીઓ સાથે બપોરની ચા પીવાથી મને પ્રસન્નતાથી મળી હશે. મારું સમગ્ર અસ્તિત્વ સ્મિત કરવા લાગ્યું! ખરેખર એમ જ થયું હતું. આવા અતિસુંદર ઑસ્ટ્રેલિયન સમારોહમાં અમને બધાંને એકસાથે ભેગા કરવા માટે મેં ગુરુમાઈજીનો આભાર માન્યો.

શ્રીગુરુમાઈ સાથે થયેલી આ વાતચીત અને તેમના પ્રસાદથી મને મારી આસપાસ રહેલાં લોકો સાથે મળીને રહેવાનું મહત્ત્વ વધુ સ્પષ્ટતાથી સમજાયું. મેં ગુરુમાઈજીની શિખામણને મારા હૃદયમાં ઉતારી લીધી છે જેનું પાલન હું માત્ર ઑસ્ટ્રેલિયન લોકો સાથેના મારા વ્યવહારમાં જ નહીં, પરંતુ હું જેને પણ મળું એ બધાં સાથે કરું છું. લોકોને જાણવાના પ્રયત્નથી — અમારાંમાં રહેલી સમાનતાને જાણવાથી અને અમારા પરસ્પર સંબંધોનો આનંદ ઉઠાવવાથી — જે લાભ પ્રાપ્ત થાય છે તેનો અનુભવ મેં વારંવાર કર્યો છે.

ધન્યવાદ, ગુરુમાઈજી.

© ૨૦૧૭ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.